| | |
|---|---|
| GJTP050008562024 | **–:: આંક–૫ અન્વયે હુકમ ::–** |

**–:: મનાઈ હુકમની અરજી તથા દાવાની ટુંકમાં હકીકત ::–**

**(૧)** વાદીએ સદર મનાઈ અરજી સી.પી.સી. ઓર્ડર–૩૯, રૂલ–૧, ૨ અન્વયે દાખલ કરી નીચે મુજબની દાદ માંગેલ છે.

**(એ)** વાદીની દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓ વારસાઈથી કે અન્ય રીતે નામો દાખલ કરે કરાવે નહીં તેવો કામચલાઉ મનાઈ હુકમ દાવાનાં આખરી નિકાલ સુધી વાદીનાં લાભમાં અને પ્રતિવાદીઓની વિરૂધ્ધમાં ફરમાવવા અરજ કરેલ છે.

**(બી)** વાદીઓની વડીલોપાર્જિત સ્વતંત્ર માલિકીની કબજા ભોગવટાની દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓ તથા તેમના મળતિયા ઈસમો વાદીઓને તથા કુટુંબી જનોને ખેતી કામ કરતાં, ઘાસચારો કાપતાં કે તુલ લેતાં અટકાયત કે હરકત કરે કરાવે નહીં તેવો કામ ચલાઉ મનાઈ હુકમ વાદીનાં લાભમાં તથા પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવવા અરજ કરેલ છે તેમજ અરજીનો ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા અરજ કરેલ છે.

**(૧.૧)** વાદીઓના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીઓના મૂળ વડીલ ગુજ.દેવજીભાઈ રત્નાભાઈ હતા અને તેમના ભાઈ ગુજ.રેવજીભાઈ રત્નાભાઈનાઓ હતા. બંને ભાઈઓ વચ્ચે જમીનની વહેંચણી થયેલી જેમાં દાવાવાળી ખેતીની જમીનો જે દાવા અરજીનાં પેરા નં.૨ માં દર્શાવેલ છે તેવી ખાતા નં.૧૪૩, જૂના બ્લોક/ સર્વે નં. ૩૨–૨–અ, ૨૭, ૧૭ તથા ૧૮ વાળી ખેતીની જમીનો ગુજ. રેવજીભાઈ રત્નાભાઈના હિસ્સે આવેલી. ગુજ.રેવજીભાઈ રત્નાભાઈ નાઓ વાદીઓના દાદા થાય છે અને તેના કારણે તેઓ ગુજ. રેવજીભાઈ રત્નાભાઈના આડીલીટીના વારસો હોવાનું જણાય છે. વાદીઓના કેસ મુજબ, ગુજ. રેવજીભાઈ રત્નાભાઈનાઓને ત્રણ પત્નીઓ નામે રેવુબેન, પારૂબેન, જબનીબેન હતા અને તેઓને કોઈ સંતાનો ન હતા જેના કારણે રેવજીભાઈ તથા તેમની ત્રણ પત્નીઓના અવસાન બાદ વાદીઓ દાવાવાળી ખેતીની જમીનોના માલિક કબજેદાર હોવાનો કેસ છે. વાદીઓના જણાવ્યા મુજબ, પ્રતિવાદીઓને દાવાવાળી મિલકતો સાથે કાંઈ લાગતું વળગતું નથી. પ્રતિવાદીઓના પરદાદા ગુજ.રત્નાભાઈ મૌવલીચાભાઈ હતા અને વાદીઓના પરદાદા રત્નાભાઈ કાતુડીયાભાઈ હતા જેથી પ્રતિવાદીઓએ રત્નાભાઈ કાતુડીયાભાઈનાંઓનાં તેઓ વારસો ન હોવા છતાં ખોટાં દસ્તાવેજો બનાવી દાવાવાળી જમીનમાં ગુજ. રેવજીભાઈ રત્નાભાઈના વારસ બનીને દાવાવાળી જમીનોનાં રેવન્યુ રેકર્ડમાં નામ દાખલ કરાવેલ. જે નોંધ સામે વાદીઓએ વાંધો લેતાં, તેમનો કેસ મંજુર થયેલ અને પ્રતિવાદીઓના નામે પડાયેલ નોંધ નામંજુર થયેલ. અંતે, તા:૧૨/૦૪/૨૦૨૪ નાં રોજ વાદીઓને દાવો દાખલ કરવાનું જે કારણ ઉત્પન્ન થયેલ હોવાનું જણાવેલ છે તેના આધારે હાલનો દાવો વિજ્ઞાપન તથા કાયમી મનાઈ હુકમનો દાખલ કરેલ છે. વાદીઓએ તેમનાં કેસનાં સમર્થનમાં

માર્ક – ૩/૧ થી ૩/૬૮ સુધી તથા માર્ક – ૩૭/૧ થી ૩૭/૪ સુધીનાં દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

## –: પ્રતિવાદીઓ તરફથી જવાબ :–

**(૨)** પ્રતિવાદીઓને સમન્સ નોટીસ બજતા તેઓ તેમના વિ.વ.શ્રી મારફત હાજર થયેલ છે. પ્રતિવાદીઓ તરફથી આંક – ૩૧ થી દાવા તથા મનાઈ અરજીનો જવાબ રજુ રખાયેલ છે. જેમાં જણાવેલ છે કે, વાદીનો દાવો ખરો કે કાયદેસરનો નથી. વાદીના દાવાને લીમીટેશન એકટનો બાધ નડે છે. દાવાવાળી જમીનો રેવજીભાઈ રત્નાભાઈના ભાગે આવેલ હતી જેનો વહીવટ તથા ઉપયોગ આલુભાઈ રત્નાભાઈ કરતા હતા તેમજ દાવાવાળી જમીનોનું સરકારી મહેસુલ પ્રતિવાદીઓ ભરે છે અને તેઓ વર્ષો વર્ષથી દાવાવાળી જમીનોનો કબજો ભોગવટો ધરાવે છે અને સતત બાર વર્ષ ઉપરાંતથી તેઓ વાદીની જાણમાં કોઈપણ તકરાર વિના કબજો ધારણ કરે છે જેથી તેઓ એડવર્સ પઝેશનથી માલિક બની ગયેલ છે. વાદીઓએ રેવજીભાઈ રત્નાભાઈના પુત્ર મધુભાઈ રત્નાભાઈ જે અવસાન પામેલ હોય તેઓનાં પુત્રી મંજુલાબેન જેઓ પણ અવસાન પામેલ હોય તેમના દીકરાઓ અંકીતભાઈ તથા પ્રકુલ્લભાઈ બંને વ્યકિતઓને આ દાવાના કામે પક્ષકાર તરીકે જોડેલ નથી જેથી વાદીના દાવાને નોન–જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીઝનો બાધ નડે છે. વાદીઓ દવારા જે રેવન્યુ રેકર્ડ રજુ કરાયેલ છે તે ફકત ફીસકલ પર્પઝ માટે હોય છે જયારે સ્થળ ઉપર પ્રતિવાદીઓનો કબજો ભોગવટો હોય જેથી વાદીઓ પાસે કોઈ લીગલ ટાઈટલ કે પઝેશન છે નહીં. જેથી પ્રતિવાદીઓનો કેસ એવો છે કે, તેઓ સને ૧૯૬૯ થી એકધારો વાદીઓ તથા તેમનાં વડીલોની જાણમાં તથા કોઈપણ રોકટોક વગર

દાવાવાળી ખેતીની જમીનોનો કબજો ભોગવટો ધરાવતાં હોય જેથી તેઓ એડવર્સ પઝેશનની રૂઈએ માલિક બની ચુકયા છે. આમ, વાદીઓને દાવો દાખલ કરવાનું કોઈ કારણ ઉદભવેલ ન હોય જેથી વાદીની કામ ચલાઉ મનાઈ હુકમની અરજી રદ કરવા અરજ કરેલ છે. પ્રતિવાદીઓએ તેમનાં કેસનાં સમર્થનમાં માર્ક – ૩૩/૧ થી ૩૩/૮૫ સુધી તથા માર્ક – ૫૦/૧ થી ૫૦/૧૧ સુધીનાં દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

## –: પક્ષકારોની દલીલો :–

(૩) અત્રેની કોર્ટે બંને પક્ષકારોના વિ.વ.શ્રી.ઓને સાંભળેલ છે. જેમાં વાદીના વિ.વ.શ્રી. કે.બી.ગામીત તરફથી દલીલ કરાયેલ છે કે, વાદીઓના દાદા દેવજીભાઈ રત્નાભાઈ હતા અને તેમના નાના ભાઈ રેવજીભાઈ રત્નાભાઈ હતા અને બંને વચ્ચે ખેતીની જમીનોની વહેંચણી થતાં દાવાવાળી જમીનો રેવજીભાઈ રત્નાભાઈના નામે થયેલ હતી. રેવજીભાઈને કોઈ સંતાનો ન હતાં જેથી તેમના તથા તેમની ત્રણ પત્નીઓના અવસાન બાદ વાદીઓ આડીલીટીના વારસદાર તરીકે વારસાઈના નિયમ મુજબ દાવાવાળી મિલ્કતના માલિક બનેલ છે. પ્રતિવાદીના વડદાદા રત્નાભાઈ મૌવલીચાભાઈ હતા અને વાદીના વડદાદા રત્નાભાઈ કાતુડીયાભાઈ હતા જેથી પ્રતિવાદીએ ભળતા નામનો આશય લઈ ખોટી રીતે નોંધ નં. ૮૩૭ પડાવેલ જેની સામે વાદીએ વાંધો લેતાં નોંધ નામંજુર કરાયેલ જેનો હુકમ માર્ક – ૩/૩૭ થી રજુ છે. વાદીઓ દાવાવાળી ખેતીની જમીનો જબનીબેન સાથે ખેડતા હતા અને આજે પણ વાદીઓ દાવાવાળી જમીનો વાવે છે. જયારે પ્રતિવાદીઓ સને ૨૦૨૦ થી કબજો પડાવવા માટે તકરાર તથા ઝઘડાઓ કરે છે જે અંગે વાદીઓએ પોલીસમાં ફરીયાદ

કરેલી. વાદીના વિ.વ.શ્રીએ વધુમાં દલીલ કરેલ છે કે, પ્રતિવાદીઓ એકબાજુ ખોટાં નામથી વારસાઈ કરાવે છે અને બીજી બાજુ એડવર્સ પઝેશનની બાબતો જણાવે છે જેથી પ્રતિવાદીઓના બે સ્ટેન્ડ એક સાથે ચાલી શકે નહીં. પ્રતિવાદીઓએ જે વ્યકિતનાં સોગંદનામાં રજુ રાખેલ છે તેઓ ૫૦ વર્ષનાં હોવાનું જણાવે છે જ્યારે સોગંદનામામાં પ્રતિવાદીઓનો દાવાવાળી જમીનોમાં ૭૦ વર્ષ ઉપરાંતથી કબજો હોવાનું જણાવે છે જેથી આ સોગંદનામાંઓ માની શકાય નહીં. પ્રતિવાદીઓએ રજુ કરેલ વેરાબીલની પાવતીઓથી તેઓનો કબજો દાવાવાળી મિલ્કતોમાં છે તેવું માની શકાય નહીં કારણ કે, તે પાવતીઓમાં જબનીબેન નાઓના નામ લખેલ છે. વાદીના વિ.વ.શ્રી વધુમાં દલીલ કરે છે કે, વાદીઓનો દાવાવળી ખેતીની જમીનોમાં કબજો પુરવાર કરવા માટે તેઓ તરફથી વ્યકિતઓના સોગંદનામા, ફોટાઓ તથા આંક – ૩૭ ના દસ્તાવેજી પુરાવા લિસ્ટથી ડી.જી.વી.સી.એલ. ના બીલ રજુ કરેલ છે. પ્રતિવાદીઓએ માર્ક – ૫૦/૧૧ થી જે રેવન્યુ હુકમ રજુ કરેલ છે તે બીજી મિલ્કતો બાબતે છે અને તે વ્યકિત દેવજીભાઈ રત્નાભાઈ (વાદીના પિતા) ના સંતાન નથી. આમ, વાદીઓને તેમના માગ્યા મુજબનો મનાઈ હુકમ આપવા અરજ કરેલ છે. વાદીઓ તરફથી આંક – ૪૩ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે.

<u>(૩.૧)</u> જ્યારે પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી. કે.એસ.પ્રધાન નાઓએ દલીલ કરેલ છે કે, વાદીઓએ પ્રતિવાદીઓ સામે દાખલ કરાવેલ એફ.આઈ.આર. માર્ક – ૫૦/૯ થી રજુ કરાયેલ છે જેમાં બનાવનું સ્થળ ''મોજે બાબરઘાટ ગામે આવેલ ખાતા નંબર – ૧૪૩ ગજેન્દ્રભાઈ આલુભાઈ વસાવાના કબજાવાળા શેરડીના પાકના વાવેતર વાળા ખેતરમાં'' લખેલ

છે જેથી પ્રતિવાદીઓનો કબજો દાવાવાળી ખેતીની જમીનોમાં હોવાનું ખુદ વાદી જણાવે છે. તેમજ વાદીઓએ પ્રતિવાદીઓ સામે કરેલ ફોજદારી કેસોમાં આરોપીઓને તકસીરવાન ઠરાવવામાં આવેલ નથી જેથી આ તબકકે આ કેસોની અસર આ દિવાની દાવાના કામે થઈ શકે નહિં. વાદીઓએ દાવા અરજીમાં તા. : ૧૨/૦૪/૨૦૨૪ ના રોજ સવારે ૦૯:૦૦ વાગે બનાવ બનેલ હોવાનું જણાવેલ છે જયારે માર્ક – ૫૦/૯ વાળી એફ.આઈ.આર. મુજબ, બનાવ સવારે ૧૦:૦૦ વાગે બનેલ છે જેથી વાદીઓએ દાવાનું કારણ ખોટું જણાવેલ હોય જેથી વાદીઓ ચોખ્ખા હાથે કોર્ટ સમક્ષ આવેલ નથી. વાદીએ રજુ કરેલ આંક – ૦૬ ના સોગંદનામાવાળા વ્યકિત શુકાભાઈ બાબુભાઈ નાઓ વાદી ગણેશભાઈ બાબુભાઈ (જેમના પત્ની સવિતાબેન જાન્યાભાઈનાઓ વાદી નં. ૨/૩ છે) ના ભાઈ છે જયારે આંક – ૦૭ વાળા વ્યકિત ખુદ ગણેશભાઈ બાબુભાઈ નાઓ છે જેમના પત્ની સવિતાબેન જાન્યાભાઈનાઓ વાદી નં. ૨/૩ છે જેથી વાદીઓએ કોઈ તટસ્થ અને સ્વતંત્ર વ્યકિતઓના સોગંદનામા રજુ કરેલ નથી. જયારે પ્રતિવાદીઓ તરફથી સ્વતંત્ર અને દાવાવાળી જમીનની આજુબાજુમાં જે વ્યકિતઓની મિલ્કત આવેલી છે તેમના સોગંદનામા માર્ક – ૫૦/૧, ૫૦/૩ તથા ૫૦/૫ થી રજુ કરવામાં આવેલ છે અને સાથોસાથ તેના મિલ્કતના આધાર પુરાવા પણ રજુ કરવામાં આવેલ છે. વાદીઓએ દાવાના કામે દેવજીભાઈ રત્નાભાઈના તમામ વારસદારોને જોડેલ નથી જેથી વાદીના દાવાને નોન–જોઈન્ડર ઓફ પાર્ટીસનો બાધ નડે છે. પ્રતિવાદીઓ તરફથી દાવાવાળી જમીનની તમામ અસલ વેરા પાવતીઓ તથા દાવાવાળી જમીનને લગતા અન્ય અસલ દસ્તાવેજી પુરાવાઓ ખેડુત પોથી વિગેરે રજુ કરવામાં આવેલ છે અને આ દસ્તાવેજી પુરાવાઓ પ્રતિવાદીઓએ ચોરી કરેલ હોય તેવી કોઈ પોલીસ ફરીયાદ વાદીઓ તરફથી

આજદિન સુધી કરવામાં આવેલ નથી. જેથી પ્રતિવાદીઓનો દાવાવાળી જમીનમાં કબજો ચાલી આવેલ છે. જેથી વાદીઓએ જે હકીકતો જણાવેલ છે તેમાં કોઈ તથ્ય છે નહિં જેથી હાલની અરજી ખર્ચસહિત નામંજુર કરવા અરજ કરેલ છે. પ્રતિવાદીઓ તરફથી આંક – ૫૧ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે.

**–: મનાઈ હુકમની અરજીના નિર્ણય માટેના સિધ્ધાંતો :–**

**(૪)** ***Hon'ble Apex court in the case of Gujarat Bottling Company Limited V/s Coca Cola Company reported in 1995(0) AIJEL - SC 10001 has laid down triple test for the determination of the temporary injunction application, which are as follows;***

***(i) whether the plaintiff has a prima facie case;***

***(ii) whether the balance of convenience is in favor of the plaintiff; and***

***(iii) whether the plaintiff would suffer an irreparable injury if his prayer for interlocutory injunction is disallowed.***

**–: અરજીના નિર્ણય માટેના કારણો :–**

**(૫)** ઉપરોકત ત્રણેય મુદાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય જેથી પુનરાવર્તન ટાળવા સારૂ ત્રણેય મુદાઓની એકસાથે નીચે મુજબ ચર્ચા કરવામાં આવે છે.

**(૫.૧)** સૌપ્રથમ પક્ષકારો વચ્ચેની બિનતકરારી હકીકતો નોંધવી જરૂરી જણાય છે. જેમાં દાવાવાળી જમીનો ગુજ.રેવજીભાઈ રત્નાભાઈના નામે હોવાની અને ગુજ.રેવજીભાઈ રત્નાભાઈ નાઓને ત્રણ પત્નીઓ હોવાની તથા તેમને કોઈ સંતાનો ન હોવાની તથા વાદીઓ ગુજ.રેવજીભાઈ રત્નાભાઈ નાઓના આડીલીટીના વારસદારો હોવાની હકીકતો પક્ષકારો વચ્ચે બિનતકરારી છે.

**-:: વચગાળે વાદીઓના કબજામાં અટકાયત કરે નહિં તે દાદ બાબતે ચર્ચા::-**

**(૬)** હવે વાદીઓના કેસ મુજબ, પ્રતિવાદીઓ તેમના દાવાવાળી મિલ્કતના કબજા, ભોગવટામાં અટકાયત કરવાના પ્રયત્નો કરી રહેલા છે. જેથી વાદીઓએ હાલની અરજીમાં પ્રતિવાદીઓ દાવાના અંતિમ નિકાલ સુધી તેમને દાવાવાળી જમીનમાં ખેતી કામ કરતાં, ઘાસચારો કાપતાં કે તુલ લેતાં અટકાયત કે હરકત કરે કરાવે નહીં તેવો કામચલાઉ મનાઈ હુકમ માંગેલ છે. જયારે પ્રતિવાદીઓના કેસ મુજબ, તેઓ સને ૧૯૬૯ થી દાવાવાળી જમીનોનો કબજો ધરાવે છે અને તેઓ એડવર્સ પઝેશનની રૂઈએ મિલ્કતના માલિક બની ચુકેલ છે તેવી દાદ માંગતો કાઉન્ટર કલેઈમ દાખલ કરેલ છે. આમ, ઉપરોકત સંજોગોમાં જો વાદી માગ્યા મુજબની દાદ મેળવવા માંગતા હોય તો તેઓએ સૌપ્રથમ દાવાવાળી જમીનો તેમના કબજામાં આવેલી છે તે પ્રથમ દર્શનીય રીતે રેકર્ડ ઉપર લાવવું પડે.

**(૬.૧)** વાદી તરફથી દાવાવાળી જમીનોમાં પોતાનો કબજો રેકર્ડ ઉપર લાવવા માટે માર્ક – ૩/૫૭ થી ૩/૬૨ થી ફોટોગ્રાફસ રજુ કરાયેલ છે પરંતુ, આ ફોટોગ્રાફસ પરથી આ જમીન દાવાવાળી જમીન જ હોય તેવું સ્પષ્ટપણે જણાતું નથી. કારણ કે, તેમાં કોઈ સર્વે નંબર કે મિલ્કતના માલિકોના નામ લખેલાનું કોઈ બોર્ડ મારેલ હોય તેવું જણાતું નથી. ફકત જમીન ખેડતા હોવા અંગેના ફોટોગ્રાફસ છે જેમાં મિલ્કતની કોઈ આઈડેન્ટીફીકેશન દર્શાવેલ નથી. વધુમાં, વાદીઓ તરફથી આંક – ૦૬ તથા ૦૭ થી વ્યકિતઓના સોગંદનામા રજુ રાખેલા છે. પરંતુ, આંક – ૦૬ ના સોગંદનામાવાળા વ્યકિત શુકાભાઈ બાબુભાઈ નાઓ વાદી ગણેશભાઈ બાબુભાઈ (જેમના પત્ની સવિતાબેન જાન્યાભાઈનાઓ વાદી નં.૨/૩ છે) ના ભાઈ છે જયારે આંક – ૦૭ વાળા વ્યકિત ખુદ ગણેશભાઈ બાબુભાઈ નાઓ છે જેમના પત્ની સવિતાબેન જાન્યાભાઈનાઓ વાદી નં. ૨/૩ છે જેથી આ વ્યકિતઓ વાદી નં. ૨/૩ ના ઘરના સભ્યો હોય જેથી આ વ્યકિતઓ કોઈ તટસ્થ અને સ્વતંત્ર વ્યકિતઓ નથી તથા હિત ધરાવતા વ્યકિતઓ છે. જે અંગે પ્રતિવાદીના વિ.વ.શ્રી તરફથી દલીલ કરાયેલ અને તે દલીલ ખોટી છે તેવું વાદીના વિ.વ.શ્રી તરફથી જણાવવામાં આવેલ નથી. વધુમાં, વાદીઓ તરફથી આંક – ૩૭ ના દસ્તાવેજી પુરાવા લિસ્ટથી ડી.જી.વી.સી.એલ. ના બીલ તથા બીલ ભરપાઈ કર્યાની પહોંચો રજુ કરેલ છે. પરંતુ, આ પુરાવાઓ સને ૨૦૨૪ તથા ૨૦૨૫ ના હોવાનું જણાઈ આવે છે.

જયારે પ્રતિવાદીઓના કેસ મુજબ, તેઓ સને ૧૯૬૯ થી દાવાવાળી જમીનનો કબજો ધારણ કરે છે.

**<u>(૬.૨)</u>** હવે પ્રતિવાદીઓ તરફથી પોતાનો દાવાવાળી જમીનો ઉપરનો કબજો રેકર્ડ ઉપર લાવવા માટે આંક – ૩૩ તથા ૫૦ ના દસ્તાવેજી પુરાવા લિસ્ટથી દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે. જેમાં રજુ કરાયેલ અસલ શિક્ષણ ઉપકર અંગેની પહોંચોમાં મહદઅંશે રેવજીભાઈ રત્નાભાઈ તથા જબનીબેન રેવજીભાઈ નાઓનું નામ જણાઈ આવે છે. પ્રતિવાદીઓના કેસ મુજબ, તેમના અગ્રહકકધારી આલુભાઈ રત્નાભાઈ નાઓ હતા અને તેઓ દાવાવાળી જમીનનો વહીવટ કરતા હતા જેના આધારે પ્રતિવાદીઓ સને ૧૯૬૯ થી દાવાવાળી જમીનનો કબજો ધરાવે છે. આ અંગે માર્ક – ૩૩/૨૪, ૩૩/૩૦ તથા ૩૩/૩૨ વાળી પહોંચમાં હસ્તે તરીકે આલુ રત્ના નાઓનું નામ હોવાનું જણાવેલ છે. તેમજ માર્ક–૩૩/૨૮ વાળી પહોંચમાં આલુ રત્ના નાઓનું નામ હોવાનું જણાવેલ છે. જેથી ઉપરોકત સંજોગોમાં પ્રતિવાદીએ ઉચ્ચારેલી હકીકતોને દસ્તાવેજી પુરાવાઓથી સમર્થન પ્રાપ્ત થાય છે. વધુમાં, માર્ક – ૩૩/૬૩, ૩૩/૬૪ તથા ૩૩/૬૫ વાળી સુરત ડિસ્ટ્રિકટ કિસાન ક્રેડીટ કાર્ડ કમ પાસબુક કે જે જબનીબેન રેવજીભાઈ ના નામની છે તે અસલ રજુ કરવામાં આવેલ છે. તેમજ માર્ક – ૩૩/૮૫ થી જબનીબેન નાઓની અસલ ખેડુતપોથી રજુ કરવામાં આવેલ છે. વધુમાં, પ્રતિવાદીઓ તરફથી આ તમામ પહોંચો, પાસબુક તથા ખેડુતપોથી વિગેરે દસ્તાવેજો અસલ રજુ કરવામાં

આવેલ છે. જેના અનુસંધાને વાદીની દલીલ મુજબ ઘડીભર આ દસ્તાવેજોમાં રેવજીભાઈ રત્નાભાઈનું નામ હોવાનું માનવામાં આવે તો પણ આ તમામ દસ્તાવેજો અસલ પ્રતિવાદીઓ પાસે કઈ રીતે ઉપલબ્ધ છે તેનો કોઈ ખુલાસો વાદીઓ તરફથી કરવામાં આવેલ નથી કે આ તમામ દસ્તાવેજો ગુમ થયેલ હોય કે ચોરી થયેલ હોય તેવું પણ બનેલ નથી. સામાન્ય રીતે કોઈપણ મિલ્કતના અસલ દસ્તાવેજો મિલ્કતના વહીવટકર્તા પાસે હોય છે. આમ, આવા સંજોગોમાં પ્રતિવાદીઓના અગ્રહકકધારી આલુભાઈ રત્નાભાઈ નાઓ દાવાવાળી મિલ્કતનો વહીવટ કરતા હોય તે હકીકતને નકારી શકાય તેમ નથી. ત્યારબાદ પ્રતિવાદી તરફથી માર્ક – ૫૦/૦૯ થી રજુ રખાયેલ એફ.આઈ.આર.માં જેમાં બનાવનું સ્થળ ''મોજે બાબરઘાટ ગામે આવેલ ખાતા નંબર – ૧૪૩ ગજેન્દ્રભાઈ આલુભાઈ વસાવાના કબજાવાળા શેરડીના પાકના વાવેતર વાળા ખેતરમાં'' લખેલ છે. જે ગજેન્દ્રભાઈ નાઓ હાલના દાવામાં પ્રતિવાદી છે અને સદર એફ.આઈ.આર. માં ખુદ વાદી બાબુભાઈ નાઓની સહિ હોવાનું જણાઈ આવે છે. તેમજ આ એફ.આઈ.આર. ખુદ વાદીઓ તરફથી પ્રતિવાદીઓ સામે દાખલ કરવામાં આવેલ છે. વાદીના વિ.વ.શ્રી તરફથી આ એફ.આઈ.આર. અનુસંધાને દલીલ કરેલ છે કે, પોલીસ તરફથી આ ખોટી હકીકત લખવામાં આવેલ છે અને તેઓએ વારંવાર પોલીસને રજુઆત કરવા છતાં પોલીસ તરફથી સુધારો કરવામાં આવેલ નહિં. પરંતુ, આ તબકકે વાદીના વિ.વ.શ્રીની દલીલ મુજબ, કોઈ રજુઆત કરાયેલ હોય તેનો કોઈ પુરાવો રેકર્ડ

ઉપર નથી જેથી આ તબકકે આ એફ.આઈ.આર.માં લખેલ હકીકતને ના માનવાનું કોઈ કારણ જણાઈ આવતું નથી. ત્યારબાદ પ્રતિવાદીઓ તરફથી દાવાવાળી જમીનની આજુબાજુમાં જે વ્યકિતઓની મિલ્કત આવેલી છે તેમના સોગંદનામા માર્ક – ૫૦/૧, ૫૦/૩ તથા ૫૦/૫ થી રજુ કરવામાં આવેલ છે અને સાથોસાથ તેના મિલ્કતના આધાર પુરાવા પણ રજુ કરવામાં આવેલ છે.

**(૬.૩)** હવે આ કામચલાઉ મનાઈ હુકમ વાદી તરફથી માંગવામાં આવેલ હોય જેથી વાદીઓ તરફથી પોતાનો કબજો પ્રથમ દર્શનીય રીતે રેકર્ડ ઉપર લાવવો પડે તે પ્રતિવાદીની નબળાઈ ઉપર આધાર રાખી શકે નહિં. જેથી આ તબકકે બંને પક્ષકારો તરફથી પોતાનો દાવાવાળી જમીનોમાં કબજો પુરવાર કરવા માટે રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઈ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, વાદીઓ પ્રથમ દર્શનીય રીતે પોતાનો કબજો દાવાવાળી જમીન ઉપર હોય તેવું જણાઈ આવતું નથી. કારણ કે, પેરેગ્રાફ નં. (૬.૨) માં ચર્ચા કર્યા મુજબ, દાવાવાળી જમીનોમાં કબજો અંગે પ્રતિવાદીઓ તરફથી વાદીઓ કરતા વધારે વિશ્વસનીય પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે. જેથી આ તબકકે વાદીઓ દાવાવાળી જમીનમાં તેઓનો કબજો હોય તેવું પ્રથમ દર્શનીય રીતે પુરવાર કરી શકેલ નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ, જયારે પક્ષકાર તરફથી પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરવામાં ન આવે ત્યારે સગવડતાની સમતુલા તથા નાણાંમાં ન આંકી શકાય

તેવા નુકશાનનો કોઈ અર્થ રહેતો નથી. આવા સંજોગોમાં જયારે વાદી તરફથી આ દાદના અનુસંધાને પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરાયેલ ન હોય ત્યારે સગવડતાની સમતુલા તથા નાણાંમાં ન આંકી શકાય તેવા નુકશાનની ચર્ચા કરવી જરૂરી જણાઈ આવતી નથી. આમ, વાદીઓએ માંગેલ દાદ કે, પ્રતિવાદીઓ દાવાના અંતિમ નિકાલ સુધી તેમને દાવાવાળી જમીનમાં ખેતી કામ કરતાં, ઘાસચારો કાપતાં કે તુલ લેતાં અટકાયત કે હરકત કરે કરાવે નહીં તેવો કામ ચલાઉ મનાઈ હુકમ તેમને આપી શકાય નહિં.

**-:: વચગાળે પ્રતિવાદીઓ વારસાઈથી કે અન્ય પ્રકારે નામો દાખલ કરાવે નહિં તે દાદ બાબતે ચર્ચા ::-**

**(૭)** વાદીઓ તરફથી વચગાળે દાદ માંગેલ છે કે, '' તેઓની દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓ વારસાઈથી કે અન્ય રીતે નામો દાખલ કરે કરાવે નહીં તેવો કામચલાઉ મનાઈ હુકમ દાવાનાં આખરી નિકાલ સુધી તેઓના લાભમાં અને પ્રતિવાદીઓની વિરૂધ્ધમાં ફરમાવવા અરજ કરેલ છે. ''

**(૭.૧)** આ કામે પેરેગ્રાફ નં.(૫.૧) માં બિનતકરારી હકીકતો જણાવ્યા મુજબ, દાવાવાળી જમીનો ગુજ. રેવજીભાઈ રત્નાભાઈના નામે હોવાની અને ગુજ. રેવજીભાઈ રત્નાભાઈ નાઓને ત્રણ પત્નીઓ હોવાની તથા તેમને કોઈ સંતાનો ન હોવાની તથા વાદીઓ ગુજ.રેવજીભાઈ રત્નાભાઈ નાઓના આડીલીટીના વારસદારો હોવાની હકીકતો પક્ષકારો વચ્ચે

બિનતકરારી છે. વધુમાં, પ્રતિવાદીઓ ગુજ. રેવજીભાઈ રત્નાભાઈ નાઓના કોઈ વારસો હોઈ તેવી પણ તેમની કોઈ રજુઆત નથી. તેમજ અગાઉ પ્રતિવાદીઓએ પોતાના નામ દાવાવાળી જમીનના રેકર્ડમાં દાખલ કરાવેલ જે માર્ક – ૩/૧૪ વાળી નોંધને વાદીઓ તરફથી ચેલેન્જ કરવામાં આવેલ અને તેમાં સદર નોંધ રદ કરવામાં આવેલ. જે હુકમ માર્ક – ૩/૩૭ થી રજુ કરવામાં આવેલ છે. જે હુકમ સામે વાદીના વિ.વ.શ્રીની દલીલ મુજબ, કોઈ અપીલ કે રીવીઝન પ્રતિવાદીઓ તરફથી કરવામાં આવેલ નથી. આવા સંજોગોમાં પ્રતિવાદીઓ પ્રથમ દર્શનીય રીતે રેવન્યુ રેકર્ડમાં પોતાનું નામ ગુજ. રેવજીભાઈ રત્નાભાઈના વારસદારો તરીકે દાખલ કરાવવા હકકદાર ન હોવાનું જણાઈ આવે છે.

**(૭.૨)** વધુમાં, પ્રતિવાદીઓ તરફથી ગુજ. દેવજીભાઈ રત્નાભાઈના તમામ વારસોને વાદીઓએ જોડેલ ન હોવાથી વાદીઓના દાવાને નોન–જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડતો હોવાનું જણાવેલ છે. જે અંગે માર્ક – ૫૦/૧૧ થી હુકમ રજુ કરવામાં આવેલ છે. પરંતુ, આ હુકમના તારણ ધ્યાને લેતાં, તેમાં ગુજ. દેવજીભાઈ રત્નાભાઈના તે હુકમના અરજદાર વારસ હોય તેવું કોઈ તારણ અપાયેલ નથી. વધુમાં, આ માર્ક – ૫૦/૧૧ વાળા હુકમથી અરજદારની લીમીટેશન માફ કરવાની અરજી નામંજુર કરવામાં આવેલ છે. જયારે વાદીઓ તરફથી ગુજ. રત્નાભાઈ કાતુડીયાભાઈ નાઓ (જેઓ ગુજ. દેવજીભાઈ રત્નાભાઈ તથા રેવજીભાઈ રત્નાભાઈ નાઓના

પિતાશ્રી) નું પેઢીનામું માર્ક – ૩/૪૧ થી રજુ કરવામાં આવેલ છે. જેના વિરૂધ્ધનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આવા સંજોગોમાં આ તબકકે વાદીઓના દાવાને નોન–જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડે છે તેવું જણાઈ આવતું નથી.

(૭.૩) આમ, ઉપરોકત કરાયેલ ચર્ચાના અનુસંધાને, પ્રતિવાદીઓ (ફકત ગુજ. રત્નાભાઈ મૌવલીયાભાઈના વારસો) દાવાવાળી જમીનમાં વારસાઈથી કે અન્ય રીતે નામો દાખલ કરે કરાવે નહિં તેવો કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે વાદીઓ હકકદાર હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે. વધુમાં, આ દાદના અનુસંધાને બેલેન્સ ઓફ કન્વેનીયન્સ પણ વાદીની તરફેણમાં છે અને જો પ્રતિવાદીઓ (ફકત ગુજ. રત્નાભાઈ મૌવલીયાભાઈના વારસો) તેમના નામો દાખલ કરાવે તો વાદીઓને નાણાંમાં ન આંકી શકાય તેવું નુકશાન જવાની સંભાવના છે.

(૮) આમ, ઉપરોકત કરાયેલ ચર્ચા મુજબ, પ્રતિવાદીઓ (ફકત ગુજ. રત્નાભાઈ મૌવલીયાભાઈના વારસો) દાવાવાળી જમીનમાં વારસાઈથી કે અન્ય રીતે નામો દાખલ કરે કરાવે નહિં તેવો કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે વાદીઓ હકકદાર હોય અને દાવાવાળી જમીનની કબજા અંગે માંગેલ કામચલાઉ મનાઈ હુકમની દાદ મેળવવા હકકદાર ન હોય જેથી મુદા નં. ૧ થી

૩ નો જવાબ ''અંશત: હકારમાં'' આપી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -: આખરી હુકમ :-

- વાદીની આંક – ૫ ની કામચલાઉ મનાઈ હુકમની અરજી **''અંશત: મંજુર''** કરવામાં આવે છે.

- આ કામના પ્રતિવાદીઓ (ફકત ગુજ. રત્નાભાઈ મૌવલીયાભાઈના વારસો) નાઓને હુકમ કરવામાં આવે છે કે, તેઓએ દાવાવાળી જમીનમાં વારસાઈથી કે અન્ય રીતે નામો દાખલ કરવા કે કરાવવા નહિં તેવો કામચલાઉ મનાઈ હુકમ દાવાનાં આખરી નિકાલ સુધી વાદીના લાભમાં અને પ્રતિવાદીઓની વિરૂધ્ધમાં ફરમાવવામાં આવે છે.

- જયારે તેના સિવાયની અન્ય દાદ નામંજુર કરવામાં આવે છે.

- સદર અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજ તા. ૨૯મી જાન્યુઆરી, ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા. : ૨૯/૦૧/૨૦૨૬
મુ.ઉચ્છલ.

(ધાર્મિક અશોકભાઈ ગોહેલ)
પ્રિન્સીપાલ સિવિલ જજ, ઉચ્છલ.
જજ કોડ નં.જીજે.૦૧૭૧૪

JPTrivedi